ઝાલોદ તાલુકામાં કલાકો સુધીની ભારે જહેમત બાદ પણ યુવકનો કોઈ પત્તો નથી

ઝાલોદમાં માછણનાળા ડેમમાં યુવક તણાયો NDRFની ટીમ અને સ્થાનિકોની શોધખોળ જારી

તસવીર-વિનોદ પંચાલ

પરિવારજનો સહિત ગ્રામજનોમાં ચિંતાનો માહોલ છવાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.૨૪

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં આવેલ માછણનાળા ડેમ ખાતે એક ૧૫ વર્ષીય યુવક અકસ્માતે ડુબી જતાં આ યુવક ચોવીસ કલાક વિતી ગયાં બાદ પણ ડેમમાં તેની કોઈ ભાળ ન મળતાં પરિવારજનો સહિત ગ્રામજનોમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. યુવકને શોધવા માટે એન.ડી.આર.એફ. ની ટીમ સહિત સ્થાનીક તરવૈયાઓ સતત પ્રયાસો કરી રહ્યાં છે.

ગતરોજ સવારના ૧૧ વાગ્યાના આસપાસ ઝાલોદ તાલુકાના વગેલા ગામે રહેતાં ૧૫ વર્ષીય યશ નામક યુવક ઝાલોદ તાલુકામાં આવેલ માછણનાળા ડેમમાં ડુબી જતાં ઘટનાને પગલે ડેમ ખાતે પરિવારજનો તેમજ ગ્રામજનો ઉમટી પડ્યાં હતાં. પ્રથમ સ્થાનીક તરવૈયાઓ દ્વારા યુવકની ડેમમાં શોખખોળ હાથ ધરી હતી પરંતુ યુવકનો કોઈ પત્તો ન લાગતાં આ મામલે પરિવારજનોએ સ્થાનીક પોલીસને જાણ કરી હતી. સ્થાનીક પોલીસ મામલતદારની ટીમ સાથે ડેમ ખાતે પહોંચી હતી. ઘટનાને પગલે સ્થાનીક ફાયર ફાઈટરની ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને કલાકો સુધીના ભારે જહેમત બાદ પણ યુવકનો કોઈ પત્તો ન લાગતાં આખરે પોલીસ તેમજ સ્થાનીક વહીવટી તંત્રને વડોદરાની એન.ડી.આર.એફ.ની ટીમને બોલાવવાની ફરજ પડી હતી ત્યારે એન.ડી.આર.એફ. ની ટીમ દ્વારા પણ ડેમમાં ભારે શોધખોળ હાથ ધરી તેમ છતાંય યુવકનો હાલ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. ઘટનાને પગલે પરિવારજનોમાં ચિંતાના વાદળો છવાઈ ગયાં છે. હાલ એન.ડી. આર.એફ. વિગેરેની ટીમ દ્વારા સતત ડેમમાં યુવકની શોધખોળ હાથ ધરી રહી છે.

ફતેપુરાના સલરા ગામે જાહેરમાં જુગાર રમતાં 3 ઝડપાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૪

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સલરા ગામે ખેતરમાં જાહેરમાં જુગાર રમતાં ૦૯ જુગારીઓ પૈકી ૦૩ જુગારીઓને પોલીસે ઝડપી પાડી ૨.૧૩ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે.સલરા ગામે ખેતરની બાજુમાં રમતા જુગાર પર પોલીસે રેડ કરી જુગાર રમી રહેલા ૦૩ જુગારી પૈકી ૦૩ને ઝડપી પાડી રૂપિયા ૨.૧૩ લાખના મુદ્દામાલ પકડી કબજે લીધેલ તેમજ છ જેટલા જુગારીઓ પોલીસને ચકમો આપી ભાગી છૂટ્યા ગામજી માલા નિનામાના ખેતરની બાજુમાં આવેલ નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોવાની બાતમી મળતા ફતેપુરા મારતા રાજપાલ સિધ્ધરાજ માનસિંગ કાંતિ સુખા પારગી ચીમન ગણેશ અતુલ અર્જુન ડામોર પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યા હતા જ્યારે હિતેશ રમેશ રાવળ, હિતેશ ડામોર તથા નિલેશ લુંજા ચંદાણા પોલિસને હાથે ઝડપાઈ ગયા હતા.

લીમખેડા આર્ટસ કોલેજ ખાતે કારકિર્દી ઘડતર અને રોજગારલક્ષી માર્ગદર્શન અપાયું

આર્ટસ કોલેજ લીમખેડા અને જિલ્લા રોજગાર કચેરી ખાતે દાહોદના સંયુક્ત ઉપક્રમે મંગળવારના રોજ અગ્રેની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કારકિર્દી ઘડતર અને રોજગારલક્ષી માર્ગદર્શન સંદર્ભે એક કાર્યક્રમું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રોજગાર કચેરી દાહોદના હિરલબેન સેલોત પોતાની ટીમના સદસ્યો સાથે ઉપસ્થિત રહીને રોગાર કચેરી રોજગાર મેળવવા માગતા યુવાનોને કેવી રીતે સહાયક થાય છે તેમજ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતરમાં કેવી ભૂમિકા ભજવે છે. એના વિશે માહિતીસભર વકત્વય રજૂ કર્યું હતું. આ સાથે રાજ્ય સરકગારના અભિયાન અનુબંધમ પોર્ટલ પર રોજગાર મેળવવા માટે વિદ્યાર્થીઓ સ્વયં રજીસ્ટ્રેશન કરીને આગળ વધી શકે એની જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કોલેજના આચાર્ય કેબી પરમારે મહેમાનોને આવકારી વિદ્યાર્થીઓને રોજગાર અને કારકિર્દી ઘડતરલક્ષી પ્રવૃતિઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમનું આયોજન આર ડી ચૌધરી અને સંચાલન જેયુનાયક દ્વારા કરવામાં આવ્યું હતું. **(તસવીર-દિનેશ શાહ)**

બેટી બચાવો ,બેટી પઢાવો તેમજ પૂર્ણા યોજના હેઠળ

ગોધરામાં રાષ્ટ્રીય બાલિકા દિવસ-સશકત અને સુપોષિત કિશોરી મેળો યોજાયો

(પ્રતિનિધી) ગોધરા, તા.૨૪

ગોધરા ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસ તથા સશકત અને સુપોષિત કિશોરી મેળાનું કરાયું આયોજન બેટી બચાવો,બેટી પઢાવો તેમજ પૂર્ણા યોજના હેઠળ કરાયુ હતુ.જ્યારે વ્હાલી દીકરી યોજના અંતર્ગત લાભાર્થીઓને મંજૂરી હુકમ હતા.

પંચમહાલ જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા આઈ.સી.ડી.એસ શાખાના સંયુક્ત ઉપક્રમે બેટી બચાવો,બેટી પઢાવો તેમજ પૂર્ણા યોજના હેઠળ સ્વામિનારાયણ મંદિર હોલ, ગોધરા ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસ તથા સશકત અને સુપોષિત કિશોરી મેળાનું આયોજન કરાયું હતું.આ પ્રસંગે ઉપસ્થિત કિશોરીઓને અધિકારીઓ, પદાધિકારીઓ દ્વારા વિવિધ મહિલાલક્ષી યોજનાઓ વિશે માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. સાથે વ્હાલી દીકરી યોજના અંતર્ગત વિવિધ લાભાર્થીઓને મંજૂરી હુકમ અપાયા હતા. પૂર્ણાં કિશોરીઓને પૂર્ણાં શિલ્ડ, પૂર્ણાં કપ તથા આઈ.ટી. આઈ અને શાળા પ્રવેશ કરેલ કિશોરીઓને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે પ્રતિજ્ઞા, સિગ્નેચર પોઈન્ટ તથા સેલ્ફી

પોઈન્ટનું પણ આયોજન કરાયું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ સંગીતાબેન બારીઆ, જિલ્લા પંચાયત દંડક અરવિંદસિંહ પરમાર,સામાજિક ન્યાય સમિતિ ચેરમેનશ્રી મણીબેન, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યઓ,મહિલા અને બાળ વિકાસ અધિકારી માધવીબેન,પ્રોગ્રામ ઓફિસર રમીલાબેન, દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી કિરણબેન તરાલ સહિત વિવિધ વિભાગોના અધિકારી ઓ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મોટીનાદુકણમાં ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતારનાર બે ઝડપાયા

તસવીર-પ્રવિણ કલાલ

(પ્રતિનિધી) ફતેપુરા, તા.૨૪

ફતેપુરાના મોટીનાદુકણ ગામે ચપ્પુના ઘા મારી મોત નીપજાવી ભાગી જનાર બે આરોપીઓને ફતેપુરા પોલીસ દ્વારા ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યા. તા-16 સોમવારના રોજ મોટીના દુકાન ગામે માનસિંગ ખેમા ડામોરને ત્યાં વાંસતા પૂજનના પ્રોગ્રામમાં રઘુનાથ તેરસિંગ ડીંડોર વાસ્તુપૂજનમાં આવેલ હતો તેમાં મોટી નાદુકણના મહેશ ભાથી ડીંડોર અને મહેન્દ્ર ભાથી ડીડોર આ બંને જણાએ રઘુનાથ તેરસિંગ ઉપર જીવલેણ હુમલો કરેલ અને ચપ્પુના ઘા ગળામાં અને શરીરે ઉપરા ઉપરી કરતા રઘુનાથ તેરસિંગનું સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતું અને આ બંને આરોપીઓ ભાગી છૂટ્યા હતા. ફતેપુરા પી.એસ.આઈ જી.કે .ભરવાડ તથા સ્ટાફ દ્વારા ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવી સતત તપાસ હાથ ધરી ખાનગી તેમજ અંગત બાદમીદારોની રાહે અને ટેકનિકલ સોર્સના આધારે ગણતરીના દિવસોમાં આરોપીઓ સુધી પહોંચી આરોપીઓની ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે આરોપીઓને ત્રણ દિવસની કસ્ટડી રિમાન્ડ હેઠળ રાખવામાં આવેલ છે.

ખેડૂતોને બાગાયતી ખેતીમાં પ્રાકૃતિક ખેતી તેમજ બાગાયતી ખેતીમાં માટે માર્ગદર્શન અપાયું

ગોધરાના મોટીકાંટડીમાં પ્રાકૃતિક ખેતી અંગે એક દિવસીય ખેડૂત તાલીમ યોજાઈ

(પ્રતિનિધી) ગોધરા, તા.૨૪

મોરવા હડફ તાલુકાના વંદેલી અને ગોધરા તાલુકાના મોટીકાંટડી ખાતે પ્રાકૃતિક ખેતી અંગે એક દિવસીય ખેડુત તાલીમ યોજાઈ હતી. અહીં ઉપસ્થિત ખેડૂતોને બાગાયતી ખેતીમાં પ્રાકૃતિક ખેતી તેમજ બાગાયત વિભાગ હસ્તક ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ તેમજ સ્થાનિક પાકો વિશે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. મોરવા(હ) તાલુકાના વંદેલી ખાતે તેમજ ગોધરા તાલુકાના મોટીકાંટડી ખાતે "બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ પરીસંવાદ" અંતર્ગત એક દિવસીય ખેડુત તાલીમ શિબીર યોજાઈ હતી. આ કાર્યક્રમ જિલ્લાના બાગાયત વિભાગ, જિલ્લા ખેતીવાડી વિભાગ,આત્મા કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. આ પ્રસંગે વિષય નિષ્ણાંત તરીકે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વેજલપુર ખાતેથી ડૉ. રાજકુમાર તથા ડૉ. જયપાલસિંહ જાદવે કૃષીમાં વૈજ્ઞાનિક બાબતોની માહિતી ખેડૂતોને પૂરી પાડી હતી. આ સાથે વિવિધ અધિકારી કર્મચારીઓએ

તસવીર-મહેન્દ્ર દરજી

બાગાયતી ખેતીમાં પ્રાકૃતિક ખેતી તેમજ બાગાયત વિભાગ હસ્તક ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ તેમજ સ્થાનિક પાકો વિશે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ગરબાડા ખાતે કલેકટરની અધ્યક્ષતામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું રિહર્સલ યોજાયું

ગરબાડા ખાતે કલેકટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું રિહર્સલ યોજાયું હતું. એસપી બલરામ મીણા પણ તેમની સાથે જોડાયા હતા. કલેકટર ડો. ગોસાવીએ રિહર્સલ અંતર્ગત નિર્ધારિત સમય પ્રમાણે ધ્વજવંદન કર્યું હતું. પોલીસકર્મીઓ દ્વારા પરેડ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી. અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર-રમેશ ભૂરિયા)**

દાહોદમાં વૃધ્ધાની બે ઈસમોએ સોનાની બંગડીઓ લઇ ફરાર

'બંગડીઓ કાઢી પર્સમાં મુકી દો, નહીંતર પોલીસ દંડ ફટકારશે' તેમ કહી લૂંટ

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૪

દાહોદ શહેરમાં એક ૮૦ વર્ષીય વૃધ્ધાને બે અજાણ્યા ઈસમોએ વૃધ્ધાએ હાથમાં પહેરેલ સોનાની બંગડીઓ પટાવી, ફોસલાવી પડાવી લઈ ફરાર થઈ જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

દાહોદ શહેરના ગોદી રોડ ખાતે રહેતાં એક ૮૦ વર્ષીય વૃધ્ધા પોતાના વિસ્તારમાંથી ચાલતાં પસાર થઈ રહ્યાં હતાં તે સમયે વૃધ્ધા પાસે બે અજાણ્યા ઈસમો આવી વૃધ્ધાને કહેવા લાગેલ કે, હાલ એક બનાવ બન્યો છે અને આગળ પોલીસ તપાસ કરી રહી છે માટે તમે જે સોનાની બંગડીઓ પહેરી છે તે કાઢી લઈ પોતાના પર્સમાં મુકી દો, નહીંતર પોલીસ દંડ ફટકારશે, તેમ કહી વૃધ્ધા હાથમાં પહેરી રાખેલ સોનાની બંગડીઓ કઢાવી એક કાગળમાં લપેટી લઈ બે અજાણ્યા ઈસમોએ વૃધ્ધાની નજર ચુકવી કાગળમાં લોખંડની બંગડીઓ પર્સમાં મુકી દઈ સોનાની બંગડીઓ લઈ અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયાં હતાં. વૃધ્ધા જ્યારે પોતાના ઘરે જઈ પર્સમાં રહેલ કાગળમાં રહેલ બંગડીઓ જોતા આ બંગડીઓ લોખંડની હોવાનું જણાઈ આવતાં પોતાના પરિવારજનોને જાણ કરી હતી અને આ મામલે વૃધ્ધાના પરિવારજનો દાહોદ પોલીસ મથકે જઈ આ મામલે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા બે ઈસમોની તપાસનો ધમધમાટ આરંભ કર્યા છે.

નરેન્દ્ર મોદી વિચાર મંચ પંચમહાલ દ્વારા રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી

રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે નરેન્દ્ર મોદી વિચાર મંચ પંચમહાલ દ્વારા કાલોલ બાળ સેવા કેન્દ્ર ખાતે બાલિકાઓ ની સાથે માતાઓને શુભેચ્છાઓ પાઠવવા માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં નરેન્દ્ર મોદી વિચાર મંચના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ રાજેન્દ્ર ભાઈ જોષી, આરોગ્ય કર્મચારીઓ, માતાઓ વિગેરે ઉપસ્થિત રહ્યા. આજના કાર્યક્રમમાં ઉપસ્થિત એક દિકરીનો "ભણુંછું અને ભણીશ" તેવો આત્મવિશ્વાસ જોઈને સૌએ અભિનંદન આપ્યા. નરેન્દ્ર મોદી વિચાર મંચ તરફથી ઉપસ્થિત બાલિકાઓ તથા માતાઓને ફ્રુટ્સ વિતરણ કરવામાં આવ્યું હતું.

દાહોદની કાળીતળાઇ આંગણવાડી કેન્દ્રની ડીડીઓએ મુલાકાત લીધી

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૪

દાહોદ જિલ્લાની આંગણવાડીઓમાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળની વિવિધ યોજનાઓનું યોગ્ય અમલીકરણ બાબતે જિલ્લા વિકાસ અધિકારી તેમજ આઈસીડીએસ પ્રોગામ ઓફિસર દ્વારા રૂબરૂ મુલાકાતો લેવામાં આવી રહી છે અને પોષણકર્મીઓ દ્વારા કોઇ પણ પ્રકારની બેદરકારી સામે કડક પગલા લેવાઇ રહ્યાં છે. જે અંતર્ગત ગત તા. ૨૦ના રોજ દાહોદ તાલુકાના દાહોદ ઘટક-૪ની કાળીતળાઇ આંગણવાડી કેન્દ્રની આકસ્મિક મુલાકાત જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારીએ લીધી હતી. આ આકસ્મિક મુલાકાતમાં આંગણવાડી કાર્યકર/તેડાગર હાજર હતા. કાળીતળાઇ આંગણવાડી કેન્દ્રનું સ્માર્ટ આંગણવાડી હોવા છતા ટીએચઆર તેમજ ફોર્ટીફાઇડ લોટ, ચોખા, તેલ જેવા ખાદ્ય સામગ્રીનો જથ્થો આંગણવાડી કાર્યકરના ઘરે રાખવામાં આવ્યા હતા તથા આંગણવાડીના બાળકોને આપવામાં આવતો ગરમ નાસ્તો આંગણવાડી કાર્યકરના ઘરે બનાવવામાં આવ્યો હતો. આંગણવાડીમાં ૪૦ બાળકોની રજિસ્ટર સંખ્યાની સામે ૧૫ બાળકો હાજર જોવા મળ્યા હતા. દૂધ સંજીવની યોજના હેઠળ આપવામાં આવતું દુધ કાર્યકરના ઘરે રાખવામાં આવ્યું હતું અને બાળકોને અપાયું ન હતું. જેની ડીડીઓએ ગંભીર નોંધ લીધી હતી અને આંગણવાડી વર્કર-તેડાગરને તાકીદ આપવામાં આવી કે નબળી કામગીરી તેમજ ફરજ પ્રત્યેની નિષ્કાળજી દાખવવા બદલ સરકારના ઠરાવ મુજબ આંગણવાડી કાર્યકર/તેડાગરના કાર્યો અને ફરજોમાં જણાવ્યા મુજબ આંગણવાડી કેન્દ્ર નિર્ધારીત સમય મુજબ ખુલ્લુ રાખવા તથા બાળકોની આરોગ્ય અને પોષણની સેવાઓપુરી પાડવી, તેમજ પોષણસુધા, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના, પૂર્ણા જેવી તમામ સરકારની યોજનાનો

લાભ સગર્ભા, ધાત્રી, કિશોરી તેમજ બાળકોને આપવામાં આવતા લાભથી વંચિતના રહે તેમજ પુરક પોષણનો લાભ મળી રહે તે માટે આંગણવાડી કાર્યકર/તેડાગરને ફરજ પ્રત્યેની કામગીરી કરવામાં બેદરકારી કે નિષ્કાળજી દાખવવા બદલ માનદ સેવા સમાપ્ત કેમ ના કરવી જેનો ખુલાસો દિન-૭ મા રજુ કરવા માટે જણાવાયું હતું.

સલાલ ખાતે શ્રીમદ્ સત્સંગીજીવન પંચાન્હ પારાયણ યોજાઈ

(પ્રતિનિધી) કાલોલ, તા.૨૪

સલાલ ખાતે સત્સંગીજીવન પંચાન્હ પારાયણ સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં યોજાઈ હતી. પંચમ દિવસની કથામાં મહાપૂજા, ભકિતસંગીત, ભજનસંધ્યા, નગરયાત્રા જેવા વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમો યોજાયા હતા.મનુષ્યે પોતાના જીવનમાં સત્સંગનાં રંગે રંગાવું. સત્સંગથી મનુષ્યનું જીવન ઉજળું બંને છે અને તે સંસ્કારીત પણ બંને છે.

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર સંદિપકુમાર ચંદુલાલ પટેલ રહે.ચીખોદરાનાઓ તે આવી જાહેર જનતાને તથા જાગતા વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

મોજે ગામ થામણા તા. ઉમરેઠ જી. આણંદની સીમમાં આવેલ ખેતીની જમીન જેનો રે.સ.નંબર 817/2 જૈન કુલ ક્ષેત્રફળ 2-42-81 ખાતા નંબર 397 સદર મીલ્કતના માલીક શૈલેષકુમાર મગનભાઈ પટેલનુ નામ ચાલે છે. તે સિવાય અન્ય કોઈનું નામ ચાલતુ નથી. અને તેઓ તેના સંપૂર્ણ માલીક અને કદાર છે. તથા મોજે ગામ થામણામા આવેલ રે.સ.નંબર 856/ પૈકી 1 જેનું કુલ ક્ષેત્રફળ 1-58-85 ખાતા નંબર 786 સદર મીલ્કતના માલીક ગોરધનભાઈ રણછોડભાઈ પટેલનુ નામ ચાલે છે. તે સિવાય અન્ય કોઈ નુ નામ ચાલતું નથી. અને તેઓ તેના સંપૂર્ણ માલિક અને કબજેદાર છે. તથા મોજે ગામ થામણામાં આવેલ રે.સ.856/ પૈકી 2 જેનુ કુલ ક્ષેત્રફળ 1-58-85 ખાતા નંબર 176 સદર મીલ્કતના માલીક મહેશભાઈ જશભાઈ પટેલનુ નામ ચાલે છે. તે સિવાય અન્ય કોઈનું નામ ચાલતુ નથી. અને તેઓ તેના સંપૂર્ણ માલિક અને કબજેદાર છે. મોજે ગામ થામણામાં આવેલ રે.સ.નંબર 81781 જેનુ કુલ ક્ષેત્રફળ 2-06-39 ખાતા નંબર 545 તથા મોજે ગામ પરવટા રે.સ.નંબર 20 જેનું કુલ ક્ષેત્રફળ 0-25-29 ખાતા નંબર 31 વાળી મિલકતના માલિક (૧) રંજનબેન વિનુભાઈ (૨) સચીનકુમાર વિનુભાઈ (૩) દીપીકાબેન વિનુભાઈનું નામ ચાલે છે. તે સિવાય અન્ય કોઈનું નામ ચાલતું નથી. અને તેઓ તેના સંપૂર્ણ માલીક અને કબજેદાર છે. અને સદર જમીનો અમો જાહેર નોટીસ આપનાર તથા અન્ય ભાગીદારો વેચાણ રાખવા માગીએ છીએ જેથી સદર હું જમીન ઉપર કોઈ પણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ હકક હિત હિસ્સો બોજો ગીરો ભરણ પોષણનો હકક ઈઝમેન્ટનો હકક કે અન્ય કોઈ પણ પ્રકારનો હકક યા ઈલાખો અગર તો હીત હોય અગર પોષાતો હોય અગર કોઈ પણ પ્રકારના સાદા અગર રજીસ્ટર લખાણ થયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-7માં લેખીત સચોટ પુરાવા સહીત રજીસ્ટર પોસ્ટ એડી.થી નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો આ નોટીસની મુદત વિત્યા બાદ સદર હું જમીન ઉપર જણાવ્યા મુજબ અન્ય કોઈ નો કોઈ પણ પ્રકાર નો હકક હિસ્સો,લાગભાગ, બોજો, ગીરો, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારના હકક આવેલ નથી. અને આવેલ હોય તો તે જતો (વેચ) કરેલ છે. તેમ માની સદર મીલ્કત ટાઈટલ કલીયરવાળી છે તેમ માની અમો વેચાણ રાખીશું/ટ્રાન્સફર કરીશુ તેની નોધ લેશો. નોટીસ મુદત બાદ કોઈનો કોઈ પણ પ્રકારના વાધા વિરોધ ચાલશે નહી. જેની નોંધ લેવી.

તા: 24-01-2023

મારી મારફતે
PATEL MAULIK ARVINDBHAI (ADVOCATE)
UMRETH DARJIWAD NA NAKA. MO: 9723263325